## વ્યારાના મે.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં.

**ફો.કેસ નં.૩૯/૨૦૨૨**
**આંક:-૦૪**

ફરીયાદી :- સરકારશ્રી

વિરૂધ્ધ

આરોપી :- દેવસીંગભાઈ ફકીરભાઈ ચૌધરી, તા.વ્યારા, જી.તાપી.

બાબત :- IPC- ૨૭૯, તથા એમ.વી.એકટ- ૧૭૭, ૧૮૪

## -:::: ચુકાદો ::::-

૧. ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ IPC- ૨૭૯, તથા એમ.વી.એકટ- ૧૭૭, ૧૮૪ ભંગ બદલ પ્રોસીકયુશન મુજબની ફરીયાદ રજુ કરેલ છે.

૨. આજરોજ અદાલતમાં આરોપી હાજર થતા ફરીયાદની નકલો પુરી પાડી આંક-૦૩ થી ગુના કબુલાત પુરસીસ રજુ કરતા અને આંક-૦૨ થી પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વૈચ્છાપુર્વક ગુનાની કબુલાત કરેલી છે.

૩. આરોપીની સ્વૈચ્છાપૂર્વકની ગુના કબુલાત ઘ્યાને લેતા તેમજ ફરીયાદ વંચાણે લેતાં આરોપીની આર્થિક અને સામાજીક સ્થિતિ ઘ્યાને લેતાં અને દયાની માંગણી કરતો હોય તે ઘ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

૪. આ કામના આરોપી રીઢા ગુનેગાર નથી. આરોપીનુ કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. આરોપી વેપારીવર્ગના માણસ છે. આ કામના આરોપી અગાઉ કોઈ ગુનામા સંડોવાયેલા નથી એવુ રેકર્ડ પરથી ફલીત થાય છે. જેથી આરોપીને ઓછી દંડ કરવાનુ વ્યાજબી કારણો જણાઈ આવતા હોય ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુક મ ફરમાવુ છુ.

## ::: આખરી હુકમ :::

આરોપીને ક્રિ.પો.કોડની કલમ- ૨૫૫ (૨) અન્વયે IPC- ૨૭૯, તથા એમ.વી.એકટ- ૧૭૭, ૧૮૪ અન્વયે મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આજરોજ ખુલ્લી અદાલતમાં સંયુકત રીતે આરોપીએ રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો) પુરાનો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ તારીખ ૧૨ મી માહે માર્ચ સને ૨૦૨૨ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી જાહેર કર્યો.

**(બદ્રી કમલકુમાર દસોંદી)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
તાપી મું. વ્યારા.
જજ કોડ નં.જીજે૦૦૯૨૪

તા.૧૨/૦૩/૨૦૨૨
તાપી મું. વ્યારા